email: citypulse@gujaratmitra.in

CITY Pulse

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬

તિરંગો માત્ર ધ્વજ નહીં, દેશનું ગૌરવ !

‘હર ઘર તિરંગા’ સાથે જાણીએ રાષ્ટ્રધ્વજના એ નિયમો, જે દરેક ભારતીયે જાણવા જોઈએ

તિરંગો જ્યારે કોઈ ઘરની છત પર લહેરાય છે ત્યારે તે માત્ર ત્રણ રંગોનું કાપડ નથી રહેતું. તે દેશની સ્વતંત્રતા, સંઘર્ષ, બલિદાન, લોકશાહી અને કરોડો ભારતીયોની આશાઓનું પ્રતીક બની જાય છે. ‘હર ઘર તિરંગા’ અભિયાન આ જ ભાવનાને દરેક ઘર સુધી પહોંચાડવાનો પ્રયાસ છે.ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય અનુસાર, હર ઘર તિરંગા અભિયાનની શરૂઆત 2022માં ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ હેઠળ થઈ હતી. સમય જતાં આ અભિયાન વિશાળ જનભાગીદારીનું રાષ્ટ્રીય આંદોલન બન્યું છે. 2025ના ચોથા સંસ્કરણમાં 7.50 કરોડથી વધુ સેલ્ફી રાષ્ટ્રધ્વજ સાથે અપલોડ થઈ હતી અને 9 લાખથી વધુ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.પરંતુ તિરંગો લહેરાવવો જેટલો ગૌરવનો વિષય છે, તેટલો જ તેના સન્માન અને યોગ્ય ઉપયોગનો પણ છે. ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા અમલમાં મૂકાયેલી Flag Code of India, 2002માં રાષ્ટ્રધ્વજના પ્રદર્શન, કદ, સામગ્રી, સ્થાન અને નિકાલ અંગે નિયમો નક્કી કરવામાં આવ્યા છે. એક સમય એવો હતો જ્યારે સામાન્ય નાગરિક માટે રાષ્ટ્રધ્વજને સૂર્યાસ્ત પહેલાં ઉતારી લેવાનો નિયમ હતો. પરંતુ 20 જુલાઈ, 2022ના સુધારા બાદ ખુલ્લામાં અથવા કોઈ નાગરિકના ઘર પર પ્રદર્શિત રાષ્ટ્રધ્વજને દિવસ અને રાત બંને સમયે લહેરાવવાની મંજૂરી આપવામાં આવી છે.એટલે હવે ઘરની છત, બાલ્કની કે અન્ય યોગ્ય ખુલ્લા સ્થળે સન્માનપૂર્વક લગાવવામાં આવેલો તિરંગો રાત્રે ઉતારવો ફરજિયાત નથી. જોકે, ધ્વજનું ગૌરવ અને યોગ્ય પ્રદર્શન જાળવવું જરૂરી છે.

તિરંગાને ‘શણગાર’ નહીં, ‘સન્માન’ આપો

રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કપડાં, યુનિફોર્મ કે એવી કોઈ એસેસરી તરીકે કરવો યોગ્ય નથી જેનાથી તેના ગૌરવને ઠેસ પહોંચે. કાયદા હેઠળ રાષ્ટ્રધ્વજને કુશન, હાથરૂમાલ, નેપકીન, અન્ડરગાર્મેન્ટ અથવા અન્ય ડ્રેસ મટીરિયલ પર પ્રિન્ટ કે એમ્બ્રોઇડરી કરવી પણ પ્રતિબંધિત છે.તિરંગા પર કોઈ લખાણ, નામ, સૂત્ર કે અન્ય નિશાની લખવી પણ યોગ્ય નથી. ધ્વજને જમીન અથવા પાણી સાથે ઈરાદાપૂર્વક સ્પર્શવા દેવો, તેને ઢાંકણ કે પડદા તરીકે ઉપયોગ કરવો કે વાહન પર એવી રીતે લપેટવો કે તે માત્ર શણગાર બની જાય–આ બધું રાષ્ટ્રધ્વજના સન્માન સાથે અસંગત છે.

ક્ષતિગ્રસ્ત તિરંગો? તરત ઉતારી લો

ફાટેલો, ગંદો, ક્ષતિગ્રસ્ત અથવા વિખરાયેલો રાષ્ટ્રધ્વજ ફરકાવવો નહીં. આવો ધ્વજ જોવા મળે તો તેને સન્માનપૂર્વક ઉતારી લેવો જોઈએ.ક્ષતિગ્રસ્ત ધ્વજનો નિકાલ એવી રીતે થવો જોઈએ કે તેના ગૌરવને ઠેસ ન પહોંચે. વ્યક્તિગત રીતે તેને સંપૂર્ણ સન્માન સાથે નષ્ટ કરવાની રીત ઇચ્છનીય માનવામાં આવે છે; અન્યથા પણ યોગ્ય અને સન્માનજનક રીતે તેનો નિકાલ કરી શકાય છે.ખાસ કરીને કાગળના નાના તિરંગા કાર્યક્રમ બાદ રસ્તા, કચરાપેટી કે ગટરમાં જોવા મળે નહીં તેની જવાબદારી પણ નાગરિકોની છે. તિરંગાનું કદ મનમાની રીતે નહીં–3:2નું પ્રમાણ જરૂરી છે.2021ના સુધારા બાદ રાષ્ટ્રધ્વજ માટે હાથથી કાંતેલા અને હાથથી વણાયેલા કપાસ, ઊન, સિલ્ક અથવા ખાદી ઉપરાંત મશીનથી બનેલા કપાસ, પોલિએસ્ટર, ઊન, સિલ્ક અને ખાદી બંટિંગને પણ મંજૂરી આપવામાં આવી છે.અર્થાત્, હવે મશીનથી બનેલો પોલિએસ્ટરનો રાષ્ટ્રધ્વજ પણ નિયમ મુજબ માન્ય હોઈ શકે છે.

કયો તિરંગો માન્ય? કાપડ અંગે પણ નિયમ છે

રાષ્ટ્રધ્વજ લંબચોરસ હોવો જોઈએ અને તેની લંબાઈ તથા પહોળાઈનું પ્રમાણ 3:2 હોવું જરૂરી છે. ધ્વજનું ચોક્કસ કદ સ્થળ પ્રમાણે પસંદ કરી શકાય છે, પરંતુ આ પ્રમાણ જળવાવું જોઈએ. સત્તાવાર સંહિતામાં વિવિધ પ્રમાણભૂત કદ દર્શાવવામાં આવ્યા છે, જેમાં 6300×4200 મિમીથી લઈને 150×100 મિમી સુધીના કદનો સમાવેશ થાય છે. 225×150 મિમીનું કદ મોટરકાર માટે અને 150×100 મિમીનું કદ ટેબલ ફ્લેગ માટે નિર્ધારિત છે. ઘર માટે ધ્વજનું કદ પસંદ કરતી વખતે સ્થળને અનુરૂપ યોગ્ય કદ રાખવું અને સૌથી મહત્વનું–ધ્વજનું પ્રમાણ 3:2 જાળવવું જરૂરી છે. ધ્વજ ફરકાવતી વખતે તેની સ્વચ્છતા, સન્માન અને યોગ્ય રીતે પ્રદર્શન થાય તેનું પણ ધ્યાન રાખવું જોઈએ. ધ્વજ જમીનને સ્પર્શે નહીં અને તેને ફાટેલો કે નુકસાનગ્રસ્ત હોય તો ઉપયોગમાં ન લેવો જોઈએ. જાહેર ઇમારતો, શૈક્ષણિક સંસ્થાઓ, કચેરીઓ કે રહેણાંક સ્થળોએ ધ્વજ માટે ઉપલબ્ધ જગ્યા અને ઊંચાઈને ધ્યાનમાં રાખીને કદ નક્કી કરવાથી તેનું ગૌરવપૂર્ણ પ્રદર્શન થઈ શકે છે.

તિરંગો લગાવતા પહેલાં આ 10 બાબતો યાદ રાખો

- ધ્વજ લંબચોરસ અને 3:2ના પ્રમાણમાં હોય
- કેસરી પટ્ટી ઉપર અને લીલો નીચે હોય
- અશોકચક્ર સફેદ પટ્ટીની મધ્યમાં સ્પષ્ટ દેખાય
- ધ્વજ ફાટેલો કે ગંદો ન હોય
- ધ્વજને સન્માનના સ્થાન પર લગાવો
- હવે ખુલ્લામાં/ઘર પર દિવસ-રાત લહેરાવી શકાય છે
- ધ્વજ પર કોઈ લખાણ કે ચિત્ર ન કરો
- કપડાં, કુશન, નેપકીન વગેરે પર તિરંગાનો ઉપયોગ ન કરો
- તિરંગાને જમીન પર પડવા ન દો
- ક્ષતિગ્રસ્ત ધ્વજનો સન્માનપૂર્વક નિકાલ કરો

તિરંગાના ત્રણ રંગોની ઓળખ

કેસરી : સાહસ અને ત્યાગની ભાવનાનું પ્રતીક.

સફેદ : સત્ય, શાંતિ અને પવિત્રતાની ભાવનાને વ્યક્ત કરે છે.

લીલો : સમૃદ્ધિ, વિકાસ અને ધરતી સાથેના સંબંધનું પ્રતીક.

અશોકચક્ર : *સફેદ પટ્ટીની મધ્યમાં આવેલું નેવી બ્લુ રંગનું 24 આરાવાળું અશોકચક્ર સતત ગતિ અને ધર્મચક્રની ભાવનાનું પ્રતીક છે.*

તિરંગાના અપમાન બદલ સજા થઈ શકે છે

રાષ્ટ્રધ્વજનું જાહેરમાં અપમાન, તેને બાળવું, ફાડવું, બગાડવું, કચડવું અથવા અન્ય રીતે તેની અવમાનના કરવી Prevention of Insults to National Honour Act, 1971 હેઠળ ગુનો બની શકે છે.આવા કૃત્ય માટે ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને થઈ શકે છે. કાયદામાં રાષ્ટ્રધ્વજના અપમાનમાં કેટલીક ચોક્કસ પરિસ્થિતિઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.આથી ‘હર ઘર તિરંગા’માં ઉત્સાહ સાથે જોડાવાની સાથે કાયદા અને ધ્વજ સંહિતાની સમજ પણ એટલી જ જરૂરી છે.

એક ધ્વજ, એક ગૌરવ–પણ નિયમો સાથે । રાષ્ટ્રધ્વજને માત્ર 15 ઓગસ્ટ કે 26 જાન્યુઆરી સાથે જોડવાની જરૂર નથી. Flag Code મુજબ સામાન્ય નાગરિક, ખાનગી સંસ્થા કે શૈક્ષણિક સંસ્થા તમામ દિવસો અને પ્રસંગોએ રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત કરી શકે છે, પરંતુ તેની ગરિમા અને સન્માન જળવાવું જોઈએ.આ જ ‘હર ઘર તિરંગા’નો સૌથી સુંદર સંદેશ છે–દેશપ્રેમ માત્ર ધ્વજ લહેરાવવામાં નથી, પરંતુ ધ્વજનું સન્માન જાળવવામાં પણ છે.જ્યારે દરેક ઘરની છત પર તિરંગો લહેરાય અને દરેક નાગરિક તેના નિયમો જાણે, ત્યારે ‘હર ઘર તિરંગા’ માત્ર એક અભિયાન નહીં રહે, પરંતુ રાષ્ટ્રીય ગૌરવની જીવંત અભિવ્યક્તિ બની જાય છે.

એક રસપ્રદ ફેરફાર: ખાદીથી પોલિએસ્ટર સુધી

ભારતીય રાષ્ટ્રધ્વજ સાથે ખાદીનો ઐતિહાસિક સંબંધ રહ્યો છે. જોકે 30 ડિસેમ્બર, 2021ના સુધારા બાદ રાષ્ટ્રધ્વજ બનાવવા માટે મશીનથી બનાવેલા પોલિએસ્ટર સહિતના નિર્ધારિત કાપડને પણ સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી હતી .આ ફેરફારનો હેતુ નાગરિકો માટે નિયમ મુજબના રાષ્ટ્રધ્વજની ઉપલબ્ધતા સરળ બનાવવાનો અને સાથે સાથે રાષ્ટ્રપ્રેમ વધારવાનો પણ હતો.

નર્મદામાંથી મળ્યું શિવલિંગ, વડોદરામાં બન્યું ‘કાશી’નું ધામ!

શ્રાવણનો મહિનો આવે એટલે વડોદરાની ગલીઓમાં ‘હર હર મહાદેવ’નો નાદ ગુંજવા લાગે છે. શહેરના પ્રાચીન શિવમંદિરોમાં ભક્તોની ભીડ ઉમટે છે. પરંતુ વડોદરાના હૃદયમાં આવેલું એક એવું મંદિર છે, જ્યાં માત્ર ભગવાન શિવની ભક્તિ જ નહીં, પરંતુ શહેરના ગાયકવાડી ઈતિહાસ, સંત પરંપરા અને નર્મદા સાથે જોડાયેલી એક રસપ્રદ ગાથા પણ સચવાયેલી છે–લાલબાગ નજીકનું કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર. આ મંદિરને વડોદરાના મહત્વપૂર્ણ આધ્યાત્મિક વારસામાં ગણવામાં આવે છે. ઉપલબ્ધ સ્થાનિક ઐતિહાસિક વિગતો અનુસાર મંદિરની સ્થાપના ગાયકવાડ શાસનકાળ દરમિયાન થઈ હતી અને ફાગણ સુદ બારસ, સોમવારના દિવસે ઈ.સ. 1892માં કાશી વિશ્વનાથ મંદિરની સ્થાપના થઈ હોવાનું વર્ણન મળે છે.

એક સંતનું સ્વપ્ન અને નર્મદામાંથી મળેલું શિવલિંગ ।

આ કથાના કેન્દ્રમાં આવે છે સ્વામી ચિદાનંદ સરસ્વતી. ઉપલબ્ધ ઐતિહાસિક વર્ણન મુજબ તેઓ 1882ની આસપાસ વડોદરા આવ્યા હતા. શરૂઆતમાં તેમણે શહેરના વિવિધ સ્થળોએ સાધના કરી અને બાદમાં આજના કાશી વિશ્વનાથ મંદિરના સ્થળ સાથે તેમનો આધ્યાત્મિક સંબંધ સ્થાપિત થયો.કહેવાય છે કે તે સમયે આ વિસ્તાર આજની જેમ વિકસિત નહોતો. સ્વામી ચિદાનંદે અહીં સૌપ્રથમ નાની કુટિયા સ્થાપી હતી, જે સ્થળ સાથે આજે ગણેશ મંદિરની પરંપરા જોડાયેલી છે.સ્વામીજીની નર્મદા યાત્રા દરમિયાન તેમને નદીમાંથી શિવલિંગ પ્રાપ્ત થયું હોવાની મંદિર સાથે જોડાયેલી પરંપરા છે. આ શિવલિંગની સ્થાપના વડોદરામાં કરવામાં આવી. ત્યારબાદ નર્મદામાંથી મળેલા અન્ય શિવલિંગને કાશીના વિશ્વનાથ સાથે સામ્ય ધરાવતું માની તેનું નામ કાશી વિશ્વનાથ રાખવામાં આવ્યું હોવાનું સ્થાનિક ઐતિહાસિક વર્ણનમાં જણાવાય છે.આ રીતે નર્મદાની પવિત્રતા, સંતની સાધના અને શિવભક્તિનો સંગમ આ મંદિરની ઓળખનો મહત્વનો ભાગ બની ગયો.

ગાયકવાડી યુગમાં ઊભું થયું આધ્યાત્મિક કેન્દ્ર

કાશી વિશ્વનાથ મંદિરની કથા વડોદરાના ગાયકવાડી ઇતિહાસથી પણ જોડાયેલી છે.મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના શાસનકાળમાં વડોદરા શિક્ષણ, કલા, સંસ્કૃતિ અને જ્ઞાનના કેન્દ્ર તરીકે વિકસ્યું. દેશના વિવિધ ભાગોમાંથી વિદ્વાનો, સંતો અને કલાકારો વડોદરા આવતા હતા. સ્વામી ચિદાનંદ સરસ્વતી પણ આ જ આધ્યાત્મિક વાતાવરણ સાથે જોડાયા. ઐતિહાસિક વર્ણન મુજબ રાજપરિવાર સાથે પણ સ્વામીજીનો આધ્યાત્મિક સંબંધ હતો. જમનાબાઈ સાહેબ સહિત રાજપરિવારના સભ્યો તેમની મુલાકાત લેતા હોવાનું સ્થાનિક સ્રોતમાં નોંધાયું છે.આથી કાશી વિશ્વનાથ માત્ર એક મંદિર નહીં, પરંતુ વડોદરાના ગાયકવાડી યુગની આધ્યાત્મિક પરંપરાનો પણ એક ભાગ બની ગયું.

મંદિરના પથ્થરોમાં કોતરાયેલી કલા

મંદિરનું સૌથી આકર્ષક પાસું તેનું સ્થાપત્ય છે. ઉપલબ્ધ વર્ણન મુજબ મંદિર નાગર સ્થાપત્ય શૈલી સાથે જોડાયેલું છે. મુખ્ય મંદિર ઊંચા પ્લેટફોર્મ પર બનાવવામાં આવ્યું છે અને તેમાં દર્શન મંડપ, સભામંડપ, અંતરાલ અને ગર્ભગૃહ જેવા પરંપરાગત સ્થાપત્ય ભાગો જોવા મળે છે.મુખ્ય પ્રવેશદ્વાર પરની નકશીકામભરી રચનાઓ ભક્તોનું ધ્યાન ખેંચે છે.

1989થી નવા સ્વરૂપ તરફની સફર

સમય સાથે પ્રાચીન મંદિરના બાંધકામમાં જાળવણી અને પુનઃસ્થાપન જરૂરી બન્યું. ઉપલબ્ધ વિગતો અનુસાર મંદિરના જીર્ણોદ્ધારનું કામ 1989માં શરૂ થયું હતું. ત્યારબાદ મંદિરને વધુ સુવ્યવસ્થિત અને ભવ્ય સ્વરૂપ મળ્યું.આજે મંદિરનું સંકુલ જૂની આધ્યાત્મિક પરંપરા અને નવી વ્યવસ્થાનો સમન્વય રજૂ કરે છે.મંદિરની સંચાલન પરંપરા પણ જૂની છે.

એક મંદિર, અનેક દેવસ્થાન

કાશી વિશ્વનાથ મંદિર સંકુલની વિશેષતા એ છે કે અહીં માત્ર કાશી વિશ્વનાથ મહાદેવ જ નહીં, પરંતુ અન્ય ધાર્મિક સ્થળો પણ આવેલા છે.સંકુલમાં મુખ્યત્વે ગણેશ મંદિર, કાશી વિશ્વનાથ મહાદેવ, સોમનાથ મહાદેવ, હનુમાનજીનું મંદિર, સ્વામી ચિદાનંદજીની સમાધિઆ કારણે મંદિર સંકુલ એક વિશાળ આધ્યાત્મિક પરિસરનું સ્વરૂપ ધારણ કરે છે.સ્થાનિક ઐતિહાસિક પરંપરામાં સોમનાથ મહાદેવના શિવલિંગને પણ નર્મદા સાથે જોડવામાં આવે છે.

રાખડી સાથે લાગણીનો તાર

“ભાઈ નથી તો શું થયું, સરહદનો જવાન તો છે”

75 રાખડીઓથી શરૂ થયેલો એક નાનકડો વિચાર આજે 68,000થી વધુ રાખડીઓ સુધી પહોંચી ગયો છે. 14 દેશો અને 14 રાજ્યોની બહેનોનો પ્રેમ હવે સિયાચીનથી કારગીલ અને ગલવાનથી અરુણાચલ સુધી સરહદે તૈનાત જવાનોની કલાઈ પર બંધાશે.રક્ષાબંધન એટલે લાગણીનો તહેવાર. બહેનના હાથમાં રાખડી અને ભાઈની કલાઈ પર બંધાતો એ દોરો માત્ર કાચો દોરો નથી હોતો; તેમાં બાળપણની યાદો, પ્રેમ, લાગણી, સુરક્ષાનું વચન અને એકબીજા માટેની નિઃસ્વાર્થ લાગણી બંધાયેલી હોય છે. પરંતુ શું આ લાગણી માત્ર પોતાના ભાઈ સુધી જ સીમિત રહી શકે?વડોદરાના ભૂતપૂર્વ શિક્ષક અને લેખક સંજય બચ્છાવે આ સવાલનો જવાબ એક અનોખા અભિયાન દ્વારા આપ્યો છે–“ભાઈ નથી તો શું થયું, સરહદનો જવાન તો છે”આ વિચાર આજે એક વિશાળ લાગણીના સેતુમાં પરિવર્તિત થઈ ગયો છે.

એક રાખડી, એક અજાણ્યો ભાઈ

આ અભિયાનની સૌથી સુંદર વાત એ છે કે રાખડી મોકલતી બહેન અને તેને પહેરનાર જવાન એકબીજાને કદાચ ક્યારેય મળ્યા પણ નથી.છતાં, રાખડી પહોંચે ત્યારે બંને વચ્ચે એક અદૃશ્ય સંબંધ બંધાઈ જાય છે.દરેક રાખડી સાથે મોકલનાર બહેનનું નામ અને મોબાઇલ નંબર લખવામાં આવે છે. સાથે આભારનો સંદેશ, શુભેચ્છા કે ગ્રીટિંગ કાર્ડ પણ હોય છે.

જ્યાં જીવનની દરેક ક્ષણ પડકાર છે

સિયાચીનની કાતિલ ઠંડી હોય, કારગીલના ઊંચા પહાડો હોય, ગલવાન ઘાટીની કઠિન પરિસ્થિતિ હોય કે અરુણાચલની ભારત-ચીન સરહદ–જવાનો માટે દેશની સેવા કોઈ એક દિવસની ફરજ નથી.તહેવાર આવે ત્યારે પરિવારના સભ્યો એકબીજાને મળતા હોય છે. ઘરમાં ખુશીઓ ઉજવાતી હોય છે. પરંતુ સરહદ પર તૈનાત જવાન માટે દેશની સુરક્ષા જ પ્રથમ પ્રાથમિકતા હોય છે.

વડોદરાથી સરહદ સુધી

આ અભિયાન હવે માત્ર વડોદરા શહેરની પહેલ રહ્યું નથી. ભારતના 14 રાજ્યોનાં 40 શહેરોમાંથી બહેનો જોડાઈ છે. એટલું જ નહીં, ઓસ્ટ્રેલિયા, દુબઈ, જર્મની, અમેરિકા, કેનેડા સહિત 14 દેશોમાં વસતી બહેનોએ પણ રાખડીઓ મોકલી છે.વડોદરાથી શરૂ થયેલો લાગણીનો આ દોર હવે વિશ્વના વિવિધ ખૂણાઓ સુધી પહોંચી ગયો છે.આ ઉપરાંત સંજય બચ્છાવના 500થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ આ અભિયાનમાં જોડાયા છે.